વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

MARCH-2024

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.



# ‘આખરમાં જીવને શું કમાવું છે?’

–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

આખરમાં જીવને કમાવું શું છે એ પૂછવાની જરૂર છે લ્યો. ઠીક! નિરાંતે ચર્ચા કરવા જેવી અને વિચારવા જેવી વાત આ છે કે આખરમાં જીવને શું કમાવું છે? પૈસા કમાવા છે કે સુખશાંતિ કમાવી છે? એ કહો લ્યો. હિન્દુસ્તાન તો ગરીબ દેશમાં ગણતરી છે વિશ્વના દેશોમાં. poor countryમાં ગણાય છે. પણ western countries છે બધા. european countries ને statusને આ બધા અમેરિકાને એ બધા. એ બધા ધનાઢ્ય દેશો ગણાય છે. ત્યાં ગરીબમાં ગરીબ માણસ પાસે પણ મોટર હોય છે અને બધી જાતની સગવડો હોય છે. એને પૂછો કે તમે કેટલા સુખી છો? કે એ લોકો સુખી નથી એ સાબિત કરવાની જરૂરત રહી નથી. ત્યાંના માનસિક રોગના આંકડાઓ એમ બોલે છે. statistics. વધારેમાં વધારે ગાંડા માણસોની સંખ્યા ત્યાં છે. વધારેમાં વધારે heart diseaseવાળાની સંખ્યા ત્યાં છે.

બાયપાસ કરાવનારા દસ-દસ હજાર માણસો હોસ્પિટલની અંદર હોય છે. હિન્દુસ્તાનમાં કોઈ એવી હોસ્પિટલ નથી કે જ્યાં દસ હજાર માણસનો બાયપાસ કરવાનો હોય. આ એક અમેરિકન બુક વાંચી હતી. આર્ટરીબ્લોક આવ્યો ને ત્યારે એ બુક વાંચી હતી. કે એક માણસે એને કાંઈક પ્રયોગ કરવો હતો તો દર્દી માગ્યા. ત્યારે તેને દસ હજાર દર્દી હતા ત્યાં બાયપાસ કરાવવામાં. એ હોસ્પિટલમાં. એટલા મોટા heart disease થાય છે. માનસિક રોગને કારણે ઉત્પન્ન થતાં શારીરિક રોગની સંખ્યા પણ ત્યાં બહુ મોટી છે. અને હિપ્પી લોકો પણ ત્યાં જ ઉત્પન્ન થાય છે. હિન્દુસ્તાનમાં નથી થતાં. એ બધા સંપત્તિ આવ્યા પછી માનસિક સંતુલન ખોઈ બેઠેલા માણસો હોય છે. શું કમાવું છે? આ સવાલ છે.

જે બહારની કમાણી પૈસા વગેરેની છે એ પ્રારબ્ધ આધિન છે. અક્કલ હોશિયારીને આધિન નથી. હવે તારે જો ખરેખર બુદ્ધિનો સદુપયોગ કરવો હોય તો આત્મકલ્યાણમાં કર, આત્મશાંતિની કમાણી થશે અને એટલી અનહદ આત્મશાંતિ ઉત્પન્ન થશે કે સાદી અનંતકાળ સુધી એ શાંતિને છોડીને તું કદી અશાંતિમાં આવીશ નહિ. આવડી મોટી કમાણી કરવી છે કે એ પહેલાં કરવી? કે બીજી પહેલી ઓલી અશાંતિની કમાણી પહેલા કરવી? ઓલી તો અશાંતિની કમાણી છે અને આ શાંતિની કમાણી છે. તારે કઈ કરવી છે?


‘ઉઘાડ ન્યાય નેત્રને નિહાળ રે નિહાળ તું, તે પ્રવૃત્તિ બાળ તું.’ એ કરીને કીધું કે નહિ? બાળવાનું કીધું. અશાંતિની પ્રવૃત્તિને બાળ. પછી ‘નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.’ આત્મકલ્યાણ માટે નિવૃત્તિ લે અને સંસાર વધારવાની પ્રવૃત્તિને દિવાસળી મૂક, ચાપ. તારો સંસાર બાળી નાખ એમ કહે છે.


**(અનુસંધાન પાના નં ૧૩ પર... )**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૦ : અંક–૩૧૫, વર્ષ–૨૬, માર્ચ–૨૦૨૪


**શ્રાવણ સુદ ૭, રવિવાર, તા.૨૪–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૧૦૦થી૧૦૩ પ્રવચન–૪૩**





'કષાયના ઉદયને રોગ જાણે છે.' જુઓ! ધર્મી તો કષાયના રાગને રોગ જાણે છે, એ રોગ પણ પુરુષાર્થથી ટળે છે એમ જાણે છે. મારા પુરુષાર્થની ગતિ એટલી વિપરીત છે માટે થાય છે. મારા સ્વભાવમાં એનો મેળ નથી. છતાં પણ જ્ઞાની જાણે છે કે આ રાગ (મારી નબળાઈને લઈને થયો છે). કર્મ રાગ કરાવે તો કર્મ ઉપર એને દ્વેષ આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! મારી નાખ્યાં! કર્મ ઉપર દ્વેષ આવ્યો પરદ્રવ્ય. આ કર્મ કાંઈક મોળા પડે ને તો ઠીક. પછી એના ઉપર રાગ આવ્યો. ઝીણી વ્યાખ્યા છે. રાગ–દ્વેષની હોં! સૂક્ષ્મ વ્યાખ્યા છે. સત્યનું સ્થાપન કરવું ને? આમ સત્ છે. રાગીને, હોં! કેવળીની વાત નથી. આમ સત્ છે ત્યાં પણ જરી રાગનો અંશ છે અને આમ ન હોય (એમ કહે) ત્યાં પણ જરી કષાયના દ્વેષનો અંશ છે. ભગવાન તો વીતરાગરસ સ્વરૂપ છે. સમજાણું?

એક નયને મુખ્ય કરી, બીજાને ગૌણ કરીને સ્થાપન કરવું, છદ્મસ્થ છે ને? રાગ સાથે છે માટે, હોં! વસ્તુ માટે નહિ. કેવળી બધું કહે છે અને બધું સ્થાપે (છે). રાગી પ્રાણી(ને) રાગ છે ને! આમ ન હોય ભાઈ! આમ માર્ગ ન હોય (એમ કહે તેમાં) એટલો પણ અંદર પ્રશસ્ત કષાયનો અંશ છે. વીતરાગરસમાં એટલો એ પાલવતો નથી, ભાઈ! વીતરાગરસ એવો પ્રભુ! આંખમાં કદાચિત્ નાનું કણું જરી સામે, આ સામે નહિ એને. એવો જ્ઞાયક સ્વરૂપ. બીજો તો રાગ–દ્વેષ ક્યાં રહ્યો પણ એક નયને મુખ્ય કરીને નિશ્ચય આમ છે (એમ સ્થાપે). 'નિશ્ચય નયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'. એ વિકલ્પવાળી નય નહિ, હોં! ઓલા અબદ્ધ, બદ્ધ ... આ તો અબદ્ધ. પણ એમાં વસ્તુ એ બરાબર છે પણ અહીંયાં જ્યાં

સ્થાપનમાં જરી વીર્ય, વીર્ય જરી ત્યાં રોકાય છે ને એટલો જરી રાગનો અંશ વીતરાગરસમાં એ પણ પાલવતો નથી. પાલવતો નથી એટલે પોસાતો નથી, ચાલી શકતો નથી. એવું સ્વરૂપ છે, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાનઆત્મા ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં પણ એ પોતે કાર્યોમાં એની લીનતા એકાકાર નથી. સમજાય છે? અને રાગના ઉદયને એટલા ભાગને પણ સમપણામાં સાથે મેળવતાં એ વિષમતાનો અંશ તેને રોગ જાણે છે. સમજાણું કાંઈ? 'મોક્ષનો ઉપાય મૂળે એક સમ્યગ્દર્શનની શુદ્ધિ છે. વીતરાગ યથાખ્યાત ચારિત્ર અને કેવળજ્ઞાનની પ્રાપ્તિનો એ જ ઉપાય છે.' ભગવાનઆત્મા એ રાગના અંશના મેલ આદિ દ્વેષ આદિ, એને સ્વભાવથી જ્યાં ભિન્ન જાણ્યો છે એવા સમ્યગ્દર્શનમાં આશ્રય જ્યાં આત્માનો છે, એવો સમભાવી ભગવાન સમ્યક્ સમ્યક્ સમ્યક્ સત્યમાં પ્રતીતિમાં આવ્યો છે એના જોરથી એને વીતરાગ ચારિત્ર અને કેવળજ્ઞાનના લાભનો એ સમ્યગ્દર્શન એ જ ઉપાય છે, એમ અહીં કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..!

એ હમણાં આપણે ભાઈએ ગાયું છે, નહિ? 'આનંદઘનજી'નું ગાયું છે ને? શેઠિયાએ કાંઈક ગાયું છે, એક શબ્દ લખ્યો છે. 'ગગન મંડળમાં' હોં! આવ્યું છે કે નહિ? આમાં ક્યાંક આવ્યું છે. 'આનંદઘનજી'એ ગાયું છે, 'આનંદઘનજી'. 'ગગમમંડળ મેં ગૌઆ વિહાણી વસુધા દૂધ જમાયા, માખણ થા સો વિરલા રે પાયા સંતો, છાશે જગત ભરમાયા, ગગનમંડળ મેં અધબીચ કૂવા, વહાં હૈ અમી કા વાસા, સુગુરા હોવે સો ભરભર પીવે સંતો, નુગુરા જાવે પ્યાસા અબધુ, સો જોગી ગુરુ મેરા, ઈન પદકા કરે રે નિવેડા'. 'ગગનમંડળ મેં ગૌઆ વિહાણી, વસુધા દૂધ જમાયા, માખણ થા સો વિરલા રે પાયા, પણ છાશે જગત ભરમાયા.' દુનિયાને છાશ મળી છે. પુણ્ય-પાપની ક્રિયા ને આ... માખણ તો જ્ઞાની ખાઈ ગયા અંદરથી, આહાહા..!

આમા ક્યાંક છે, હોં! લ્યો, ઈ જ આવ્યું. એક જ લીટી છે. 'શેઠિયા'એ બનાવ્યું છે 'આતમ ગગન મેં જ્ઞાન હી ગંગા, યામેં અમૃત વાસા, આતમ ગગન મેં જ્ઞાન હી ગંગા, જ્ઞાન હી ગંગા, યામેં અમૃત વાસા, સમ્યગ્દષ્ટિ ભર ભર પીવે સંતો, મિથ્યાદષ્ટિ જાય પ્યાસા અબધુ, સો જોગી રે ગુરુ મેરા, ઈન પદકા કરે રે નિવેડા' 'આનંદઘનજી'નું મોટું લાબું છે. બધા એકે એક જોયેલા. પહેલા, (સંવત) ૧૯૭૮ની સાલ પહેલા, હોં! એક એક 'આનંદઘનજી'ના પદો-બદો બધું ખૂબ જોયું છે.

આ અંતર આત્માની વાત, આ અલૌકિક વાત છે. ભગવાન સમરસી પ્રભુ! આહાહા..! એવા સમરસમાં જ્ઞાનમાં આમ વિષય બદલાય જાય કે આ ઠીક, અઠીક. કહે છે કે એ રાગ-દ્વેષ છે એ સ્વરૂપમાં પાલવતું હોઈ શકતું નથી. એનો જેને ત્યાગ છે તે ખરેખર પરિહારવિશુદ્ધિ ચારિત્ર છે. અધ્યાત્મથી લીધું છે ને!

'તત્ત્વાર્થસાર'માં લીધું છે, છેલ્લો દાખલો આપ્યો છે. 'જ્યાં પ્રાણીઓના ઘાતનો વિશેષપણે ત્યાગ હોય અને ચારિત્રની શુદ્ધિ હોય તે પરિહાર વિશુદ્ધિચારિત્ર છે.' એ 'તત્ત્વાર્થસાર'માં (આવે છે). 'અમૃતચંદ્રાચાર્ય'નું 'તત્ત્વાર્થસાર' છે ને? આપણે વ્યાખ્યાનમાં 'તત્ત્વાર્થસાર' વંચાઈ ગયું છે. કહો, સમજાણું આમાં? આ ટૂંકા ટૂંકુ કરીને (કહ્યું). હવે બધું પૂરું થવા આવ્યું છે. હવે યથાખ્યાત, ૧૦૩ (ગાથા).

યથાખ્યાત સંયમ

**सुहुमहँ लोहहं जो विलउ, जो सुहुमु वि परिणामु**
**सो सुहुमु वि चारित्त मुणि, सो सासय-सुह धामु ।१०३।**

સૂક્ષ્મ લોભના નાશથી, જે સૂક્ષ્મ પરિણામ;
જાણો સૂક્ષ્મ-ચારિત્ર તે, જે શાશ્વત સુખધામ. ૧૦૩.

અન્વયાર્થ : (**सुहुमह लोहहं जो विलउ**) સૂક્ષ્મ લોભનો જે ક્ષય થઈને (**जो सुहुमु वि परिणामु**) જે કોઈ સૂક્ષ્મ વીતરાગભાવ થાય છે (**सो सुहुमु वि चारित्त मुणि**) તેને સૂક્ષ્મ અથવા યથાખ્યાત ચારિત્ર જાણો. (**सो सासय सुहधामु**) તે જ અવિનાશી સુખનું સ્થાન છે.

પેલામાં સૂક્ષ્મ સંપ્રાય લખ્યું છે, એમ નથી. એમાં એમ છે ને? હા, પણ સૂક્ષ્મ એમ નથી. ઈ સૂક્ષ્મ ચારિત્ર એટલે યથાખ્યાત ચારિત્ર છે. પહેલા આપણે આવ્યું હતું એમાં ભૂલ હતી. પહેલો શબ્દ એવો હતો, જુઓ! 'સૂક્ષ્મ લોભના નાશથી, થાય શુદ્ધ પરિણામ, તે સૂક્ષ્મ સંપ્રાય છે ચારિત્ર સુખનું ધામ.' એમ નથી. આપણે છે એમાં? સૂક્ષ્મ ચારિત્ર એટલે યથાખ્યાત ચારિત્ર, એમ. આણે ઓલા સૂક્ષ્મ સંપ્રાય જોડી દીધું છે. સૂક્ષ્મ શબ્દ પડ્યો છે ને, જ્યાં સૂક્ષ્મ લોભનો નાશ થાય ત્યાં સૂક્ષ્મ સંપ્રાય હોય શેનું? સંપ્રાય તો રાગનું નામ છે. એ બધું ખોટું છે, મૂળ તો આમ છે.

**सुहुमहँ लोहर्ह जो विलउ, जो सुहुमु वि परिणामु**
**सो सुहुमु वि चारित्त मुणि, सो सासय-सुह धामु।१०३।**

યથાખ્યાત ચારિત્રની વાત કરે છે. ભગવાનઆત્મામાં...! આ છેલ્લી કડીઓ છે ને (એટલે) છેક સુધી લઈ, યથાખ્યાત સુધી લઈ (જઈ) પોતે ભગવાન બ્રહ્મા ને વિષ્ણુ પોતે એમ કરીને પૂરું કરશે. 'સૂક્ષ્મ લોભનો જે ક્ષય થઈને...' આ ચારિત્રની ઉત્કૃષ્ટ વ્યાખ્યા યથાખ્યાત ચારિત્ર. યથા-ખ્યાત જેવું સ્વરૂપ અંદર પ્રસિદ્ધ છેઅકષાય, અવિકારી, વીતરાગ, સમભાવ (સ્વરૂપ) એવી પર્યાયમાં યથા-પ્રસિદ્ધિ વીતરાગપણે થવી એને યથાખ્યાત ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

દસમે ગુણસ્થાને જે સૂક્ષ્મ લોભ રહે છે એનો પણ વિલય થઈ '**सुहुमु वि परिणामु**' 'જે કોઈ સૂક્ષ્મ વીતરાગભાવ થાય છે...' એમ લેવું. સૂક્ષ્મ લોભનો અંશ જે દસમી ભૂમિકામાં ગુણસ્થાનમાં હોય છે તેનો નાશ થઈ સૂક્ષ્મ પરિણામ જે પ્રગટ થાય, એકદમ વીતરાગ પરિણામ (પ્રગટ થાય) 'તેને સૂક્ષ્મ અથવા યથાખ્યાત ચારિત્ર જાણો.' એને સૂક્ષ્મઝીણો વીતરાગી ચારિત્ર પર્યાય જાણો, સૂક્ષ્મ સંપ્રાય નહિ. સમજાણું કાંઈ? એ તો રાગ છે, સંપ્રાય તો રાગ છે. 'તે જ અવિનાશી સુખનું સ્થાન છે.' લ્યો! આહાહા..! એકદમ યથાખ્યાત છે ને! એવી યથાખ્યાતરૂપી નિર્મળ વીતરાગી પર્યાયનું તો બિંબ આત્મા છે, એકલો અકષાય રસ. સમજાણું?

એવા ભગવાનઆત્માનાં અંતર અવલંબનમાંથી પૂર્ણ વીતરાગતા પ્રગટી અને જ્યાં અંશ લોભનો પણ જે હતો તેનો વ્યય થયો, વીતરાગતાનો ઉત્પાદ થયો, વીતરાગસ્વરૂપે ધ્રુવ તો કાયમ પડ્યું છે. અહીં વિલય આવ્યું ને? અને પરિણામ છે એટલે ઉત્પાદ-વ્યય કીધા. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ધ્રુવ સ્વરૂપ છે એ તો એકલો સમરસી સ્વભાવ છે, સમરસી જ્ઞાતા-દૃષ્ટા એ સમરસી સ્વભાવ છે. એમાં જે લોભનો અંશ બાકી હતો એનો વિલય કરી વ્યય કરી અને વીતરાગી પર્યાયનો ઉત્પાદ થવો તેને યથાખ્યાત ચારિત્ર કહે છે. એ સાક્ષાત મોક્ષનું કારણ છે. કહો, સમજાણું આમાં? એ ચારિત્રના ભેદ છે અને એ પ્રકાર છે, એવી વાત બીજામાં હોઈ શકે નહિ કેમકે ગુણની શુદ્ધિની વૃદ્ધિના પ્રકારોના આ બધા નામ છે. પર્યાયશુદ્ધિ થાય છે એ વાત બીજે હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? સમય સમયની શુદ્ધિનો અહીં તો મેળ કરવો છે.

જેને આત્મ સ્વભાવ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય જેને અવલંબન દૃષ્ટિ-જ્ઞાનમાં આવ્યો અને એનો આશ્રય લઈને જેણે વીતરાગ સમભાવ.. સમભાવ.. ઓ..હો...! સમજાણું? દશમાં ગુણસ્થાનની ભૂમિકાએ અબુદ્ધિપૂર્વક જરી રાગ રહ્યો ને એનો નાશ થઈને વીતરાગ પર્યાયની પ્રગટ પ્રસિદ્ધિ જેવો સ્વભાવ છે એવી પર્યાયની પ્રસિદ્ધિ અકષાયની થઈ એ સૂક્ષ્મ યથાખ્યાત ચારિત્ર (જાણો).

'તે જ અવિનાશી સુખનું સ્થાન છે.' લ્યો! અવિનાશી સુખનું એ ચારિત્ર સ્થાન છે. એ ચારિત્ર(નો) પ્રકાર (છે). ઓલા કહે, આપણે રામ રામ રામ રામ ભગવાન ભગવાન ભગવાન ભગવાન કરો મોક્ષ થઈ જશે. સમજાણું કાંઈ? (ઓલા કહે), રામને ભેટ્યા. ઈ રામ આ. 'નિજપદ રમે સો રામ કહીએ' સમજાણું ? 'આનંદઘનજી'એ કહ્યું છે, ભાઈ! 'નિજપદ રમે સો રામ કહીએ, કર્મ કસે સો કૃષ્ણ કહીએ' આ તો 'નિજપદ રમે

સો રામ કહીએ' આપણામાં આવે છે ને? કળશમાં (આવે છે). આત્મારામ. બાગમાં જેમ રમે છે ને? એમ ભગવાન પોતાના આનંદ બાગમાં અંતર રમે. શુદ્ધતાની પર્યાયની પ્રગટતા વિશેષ થાય એને આત્મ બાગમાં રમણતા, એને યથાખ્યાત ચારિત્ર કહે છે. એ ચારિત્ર સાક્ષાત મોક્ષનું કારણ છે, અવિનાશી સુખનું એ કારણ છે. સમજાણું?

'સુખ આત્માનો ગુણ છે. તેને યથાર્થમાં ચારે ઘાતિકર્મોએ રોકી રાખ્યું છે...' ઘાતિ (કર્મો) તો નિમિત્ત છે, હોં! રોકી રાખ્યું એટલે કોઈ દ્રવ્ય રોકતું નથી. પોતાની પર્યાયમાં ભાવઘાતિ પોતે કર્યું ત્યારે દ્રવ્યઘાતિને નિમિત્ત કહેવામાં આવે છે. એ સોળમી ગાથામાં છે. 'પ્રવચનસાર'ની સોળમી ગાથા'સ્વયંભૂ'ની ગાથામાં આ છે દ્રવ્ય, ભાવ ઘાતિકર્મ. ભાઈ! આવે છે ને? સોળમી. કહો, સમજાણું કાંઈ?

'પરંતુ મુખ્યપણે તેને રોકનાર મોહકર્મ છે.' એમ લીધું. અસાવધાની. એની ચર્ચા અત્યારે પંડિતોમાં ચાલે છે. ઓલા એક કહે કે ચાર કર્મ છે, એક કહે કે મોહ કર્મ છે. ભઈ! આખો અનંત આનંદ, અનંત આનંદ તો કેવળજ્ઞાન થતાં પ્રગટે છે. બારમે અનંત સુખ પ્રગટે. સુખ પ્રગટે, અનંત ન પ્રગટે એવી મોટી ચર્ચા બે જણાને ચાલે છે. 'કૈલાસચંદજી' અને 'અજિતકુમાર'.

અહીંયાં તો આત્માનો અનુભવ, સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનો અંશ ચોથે પ્રગટ થાય છે. એ પાંચમે આનંદ અંશ વધે છે, છઠ્ઠે વધે છે, સાતમે વધે છે, આઠમે, નવમે, દસમે વધતા બારમા (ગુણસ્થાને) આનંદ પૂર્ણ થઈ જાય છે. અનંત થતો નથી. સમજાણું કાંઈ? જ્યાં અંદર કેવળજ્ઞાન ને કેવળદર્શન ને અનંત વીર્ય જ્યાં પ્રગટ થયા, એ આનંદને અનંત ઉપમા અપાય છે. અનંત આનંદ પ્રગટ્યો. સમજાણું કાંઈ? એવા અનંત આનંદનું કારણ એ આત્માનો મોક્ષનો માર્ગ ઉપાય છે. સ્વભાવ સ્વભાવ સ્વભાવ... સમજાણું?

એ વાત લીધી છે, હોં! 'ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ ચાર અનંતાનુબંધી કષાય અને દર્શનમોહની ત્રણ પ્રકૃતિઓનો જ્યારે ક્ષય કરી નાખે છે ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વ અને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થઈ જાય છે.' એમ લખ્યું છે, ભાઈ! એ વાત સાચી છે. એની તકરાર, અત્યારે વાંધા છે. ઓલો (કહે છે), સ્વરૂપાચરણ ચારિત્ર ચોથે ન હોય, પાંચમે ન હોય, છઠ્ઠે ન હોય. અરે..! ભગવાન! પરના આચરણમાં ગુણસ્થાન વધી ગયું? આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અનાદિકાળથી રાગ-દ્વેષની અનંતાનુબંધીની તીવ્રતાના પરિણામમાં, આચરણ હતું ત્યારે શ્રદ્ધા મિથ્યા, જ્ઞાન મિથ્યા અને આચરણ મિથ્યા હતું. એવો ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનું આચરણ દષ્ટિ થઈ, ત્યારે પ્રતીત થઈ, ત્યારે જ્ઞાન થયું કે આ આત્મા (છે), ત્યારે સ્વરૂપના આચરણનો અંશ જાગ્યો, કણિકા જાગી. સમજાણું કાંઈ? આત્મસ્વરૂપના આચરણની કણિકા જાગી. પૂર્ણ આચરણની દશા યથાખ્યાત ચારિત્ર. સમજાણું કાંઈ? એનો અંશ ચારિત્ર જો ચોથે ન પ્રગટે તો આગળ એ વધી શકે નહિ. સમજાણું કાંઈ?

અરે..! તત્ત્વના નિર્ણયનો વિષય હોવો જોઈએ અને તે પણ સમભાવે, શાંતિથી વીતરાગી ચર્ચા હોવી જોઈએ. એને ઠેકાણે એક-બીજાને ખોટા પાડવાની વાત, એવું ન હોય, ભાઈ! સમજાણું કાંઈ? આ તો વીતરાગી ચર્ચા છે, સમભાવે જોઈએ. કોઈની ભૂલ હોય તોપણ એને બીજી રીતે એને દ્વેષી કલ્પીને કે વિરોધી કલ્પીને એને કહેવું એ કાંઈ સજ્જનતાની રીત છે? હોય છે, આ વીતરાગ માર્ગ છે, ભાઈ! એમાં તો શાંતિથી, ન્યાયથી જેમ હોય તેમ નિર્ણય કરવો જોઈએ. જે સત્ય નીકળે તેને કબુલવું જોઈએ. એમાં ક્યાં આ કોઈના પક્ષની વાત છે?

આ વાત જુઓ, ભાઈએ લખી છે'ટોડરમલજી'એ અને ભાઈએ લખી છે'ગોપાલદાસ બરૈયા'એ. જૈન સિદ્ધાંત પ્રવેશિકા અને 'રાજમલે' ટીકામાં લખી છે અને ભાઈએ લખી છે 'સમયસાર નાટક' માં લખ્યું છે. પણ

હોય ને? જ્યાં આત્મા સ્વરૂપે પૂર્ણાનંદ પ્રભુ ભાસ્યો ત્યાં એમાં ઠરવાનો અંશ ન આવે તો ઠર્યા વિના આ શું ચીજ છે (તેની) એકદમ શ્રદ્ધા થઈ ગઈ? પણ શ્રદ્ધા સાથે જ્ઞાનમાં કાંઈક ઠર્યો છે કે નહિ? ઠર્યા વિના.. ત્રણેયના અંશ આવ્યા છે કે નહિ ભેગા? સમજાણું કાંઈ?

ખરેખર સમ્યગ્દર્શન તો 'સર્વ ગુણાંશ તે સમકિત' છે. ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ છે એની પ્રતીત નહોતી, જ્ઞાન-જ્ઞાયકપણાની એને (પ્રતીત નહોતી). એને પ્રતીત હતી રાગ-દ્વેષ-વિકાર ને પર સત્તાના સ્વીકારમાં. છે પોતે એટલે ક્યાંક એનું હોવાપણું તો સ્વીકારવું જોઈએ. એટલે એનું હોવાપણું આ (સ્વરૂપ) ભાસમાં ન આવ્યું એટલે અહીં રાગ-દ્વેષ(માં હોવાપણું) એણે સ્વીકાર્યું. બધો જ ત્યાં સ્વીકાર. શ્રદ્ધા ત્યાં, જ્ઞાન ત્યાં અને આચરણ ત્યાં. હવે ગુલાટ ખાધી શ્રદ્ધાએ ઓહો..! મારો પરમાત્મા પૂર્ણ પ્રભુ તો હું જ છું. એમ નિજ કારણપરમાત્માની દૃષ્ટિ, અવલોકનની, શ્રદ્ધાની થઈ ત્યાં ભગવાન કંઈ ઠર્યા વિના શી રીતે થઈ? આહાહા..! એ ઠરે છે એનું નામ ભગવાન સ્વરૂપાચરણ તરીકે કહે છે. ક્યાંક શાસ્ત્રની ભાષામાં સીધુ ન નીકળે પણ ન્યાયથી તો સમજવું જોઈએ ને?

ચારિત્ર મોહની કષાયની પ્રકૃતિ પચીસ છે. અનંતાનુબંધી ચારિત્ર મોહનીયની જ્યારે ગઈ ત્યારે કંઈક થયું, ચારિત્રમાં કંઈક થયું કે નહિ? ભલે એને દેશ સંયમ ન કહો, સર્વ સંયમ નહિ. સંયમનાં સ્થાનોના જે પ્રકાર 'ગોમ્મટસાર'માં વર્ણવ્યા છે એ અમુક સ્થાન સુધીમાં સંયમ કહેવાતું નથી, તો એ ભલે હો, પણ કંઈક સ્થિરતા પ્રગટી એમ તો કહેવું પડશે કે નહિ? આમાં તકરાર શેની? આમાં વાંધા શેના? ભાઈ! કોઈની હોય ભૂલ, ખ્યાલમાં ન હોય તો એને આ રીતે સમજવું જોઈએ.

'સર્વ જીવ છે જ્ઞાનમય' આવ્યું ને આપણે? સામાયિકમાં. 'સર્વ જીવ જ્ઞાનમય' પ્રભુ જ્ઞાનમય છે ને પ્રભુ! એ તો એક સમયની, એક સમયની ભૂલ, હોં! એક સમય માત્ર ભૂલ એમાં ટકે છે. બે સમય કોઈ દિ' ભૂલ ટકતી જ નથી. ભૂલ એ પર્યાય છે. સમજાય છે? આહાહા..!


ત્રિકાળ ભગવાન અનંત ગુણથી ટકેલું તત્ત્વ અંદર છે એવી જ્યાં દૃષ્ટિ થઈ (તો) સ્વરૂપાચરણ ચારિત્ર સાથે પ્રગટે છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ સાથે આવે છે અને પ્રભુતાનો, એક પ્રભુતા નામનો ગુણ જે છે એની પ્રભુતા પર્યાયમાં પણ પ્રભુતાનો અંશ પ્રગટ થાય છે, ઈશ્વરતાનો અંશ પ્રગટ થાય છે. એવા સમ્યગ્દૃષ્ટિ જીવને સ્વરૂપાચરણ હોય છે.

'આ શક્તિઓ પ્રગટ થતાં જ્યારે જ્ઞાની પોતાના ઉપયોગને પોતાના આત્મામાં સ્થિર કરે છે ત્યારે જ સ્વરૂપનો અનુભવ આવે છે અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. અવિરત સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનમાં પણ આ સુખનું પ્રગટપણું થઈ જાય છે.' આ વસ્તુ છે.એને અતીન્દ્રિય સ્વભાવ, સ્વભાવ છે એનો સ્વાદ ન આવે તો એની શ્રદ્ધા ક્યાં થઈ? સસલાના શીંગડાની શ્રદ્ધા કરવી છે? કાંઈક વસ્તુ હોય એની કરવી છે ને? તો આ ચીજ આનંદ અને જ્ઞાનમૂર્તિ પૂર્ણ છે એમ એના જ્ઞાન-શ્રદ્ધામાં આવ્યા વિના, એને આનંદનો સ્વાદ આવ્યા વિના એને સાચી પ્રતીત હોઈ શકે નહિ. એથી સમ્યગ્જ્ઞાનમાં સ્વરૂપાચરણ અને આનંદનો અંશ સ્વાદમાં હોય છે, અનંત ગુણના અંશ હોય છે. સમજાણું? આ એને અહીંયા વિશેષ પૂર્ણ હોય એને યથાખ્યાત કહે છે. પૂર્ણ સ્થિરતા અને આખો આનંદ એને યથાખ્યાત કહે છે. પરમ યથાખ્યાત તેરમે (ગુણસ્થાને), એ અનંત આનંદ થઈ ગયું, અનંત આનંદ થઈ ગયું, એને પરમ યથાખ્યાત કીધું છે. એ યથાખ્યાત ચારિત્ર સાક્ષાત મોક્ષનું કારણ છે. વિશેષ કહેશે... (મુમુક્ષુ : પ્રમાણ વચન ગુરુદેવ!)

*

# પરમાગમસાર બોલ-૮૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન

**“રાગ છે તે ચૂડેલ ડાકણ સમાન છે, રાગનો પ્રેમ કરવાથી એ તને ખાઈ જશે ભરખી જશે. પાપરાગની તો શું વાત ! પણ શુભરાગ કે જેણે હજારો રાણી છોડીને રાજપાટ છોડીને પંચમહાવ્રતના શુભરાગમાં પ્રેમ કર્યો છે તે આનંદસ્વરૂપ આત્માને ઘાયલ કરે છે, મારી નાખે છે. વીતરાગભાવ ધર્મ છે તેને રાગભાવથી ધર્મ મનાવે તે વીતરાગના વેરી છે. પાપી મિથ્યાદષ્ટિ છે.” ૮૯.**



(પરમાગમસાર, બોલ-૮૯). અહીંયા કહે છે કે '**રાગ છે તે ચૂડેલ ડાકણ સમાન છે,....**' લ્યો, ઠીક! આ સીધું જ આમ આવ્યું (છે) કે, એ રાગ છે તે ચૂડેલ અને ડાકણ સમાન છે. લોકમાં પ્રેત યોનીમાં આ (બધાં) નામ લેવામાં આવે છે – ડાકણ, ચૂડેલ, ભૂત, પ્રેત, પિશાચ, ખવીસ (વગેરે). નાનપણમાં વાતો સાંભળી છે ને! ગામડાંમાં ઉછર્યા હોય તેણે બધું સાંભળ્યું હોય. (લોકો) કહે છે કે (એ) બહુ વળગે – ચૂડેલ હોય, ડાકણ હોય એ બહુ વળગે. અમે નાનપણમાં એવી વાર્તાઓ બહુ સાંભળતા (કે) ફલાણી વાઘરણ છે એ ડાકણ છે ને ચૂડેલ છે, આમ છે ને તેમ છે. એક તો દેખાવ એવો બિહામણો હોય અને એ વળગે છે, એમ કહેવાય. વળગે – ફળગે (એવું) તો કાંઈ નથી પણ એવા કાચી છાતીનાં હોય એને ભ્રમણાં થઈ જાય છે કે મને આમ થઈ ગયું, મને આમ થઈ ગયું અને પછી બહુ પરેશાન થાય છે. જ્યારે એ જીવને ભ્રમણા થાય છે કે મને ડાકણ કે ચૂડેલ કાંઈક વળગ્યું છે પછી બહુ દુઃખી થાય. એનું ચિત્ ક્યાંય ઠેકાણે રહે નહિ. એટલું ચિત્ત અસ્થિર થાય કે એ શું બોલે છે? શું ખાય છે? શું ચેષ્ટા કરે છે? એની એને પોતાને ખબર રહે નહિ. પાગલવત્ અવસ્થા થઈ જાય. એમ (અહીંયાં) કહે છે કે આ રાગની રુચિમાં રાગને જે વળગ્યો છે, એ ડાકણ તો એને નથી વળગી પણ એ (પોતે) ડાકણને વળગ્યો છે. એને પાગલપણ આવશે, ગાંડપણ આવશે, (એમ) કહે છે. બીજું કાંઈ નહિ થાય પણ એને ગાંડપણ આવી જશે.

રાગ છે તે ચૂડેલ અને ડાકણ સમાન છે. ગુરુદેવની શૈલી છે એ powerful બહુ હતી! તોપના ગોળા જેવી!! ગમે તેવો મિથ્યાત્વનો ગઢ હોય (આ) તોપનો ગોળો જાય એટલે ભૂક્કે ભૂક્કા, ફુરચે ફુરચા, કાંકરે કાંકરી જુદી પાડી નાખે! પથરા જુદી પાડી નાખે (એમ) નહિ પણ કાંકરે કાંકરી જુદી પાડી નાખે!!

(કહે છે કે) '**...રાગનો પ્રેમ કરવાથી એ તને ખાઈ જશે – ભરખી જશે.**' આ ડાકણ ખાઈ જાય છે ને ભરખી જાય છે, એમ જ કહે છે ને! Actually ડાકણ બટકાં ભરે છે એવું કાંઈ બનતું નથી. પણ (જેને આવી કલ્પના થાય છે) એનું શરીર ગળી જાય છે. ભયને વશ અને એ ગાંડપણને વશ જે શરીરના

કોષ છે એ બધાં ગળવા લાગે છે. એટલે માણસ એવો કૃશ થઈને મરે છે. ત્યારે એને એમ કહે છે કે એને ડાકણ ભરખી ગઈ અને એને ચૂડેલ ભરખી ગઈ, ખાઈ ગઈ! પણ એને કોઈ ખાવા આવ્યું નથી.

પ્રશ્ન :- આ પ્રેત યોની હશે ખરી?

સમાધાન :- હા, પ્રેત યોની છે, પણ લોકો માને છે એવું નથી કે કોઈને એ વળગે છે. એ દેવની યોની છે, હલકા દેવની યોની છે. આપણે જેમ અહીંયા મનુષ્યમાં ચમાર, ચાંડાલ એવા હોય છે ને! નીચ જાતિના મનુષ્ય હોય છે. એમ એ નીચ જાતિના – નીચામાં નીચી જાતિના વ્યંતર દેવની એ જાત છે. એના મોટા આયુષ્ય હોય છે એટલે બધાં જાણતા હોય, ૨૦–૨૫ પેઢી સુધીનું જાણતાં હોય (એટલે) એવો બધો ભ્રમ કરે. પણ એ શાસ્ત્રમાંથી વાત બહાર આવી એટલે બીકના માર્યા લોકોને બીજી રીતે થઈ ગઈ. બાકી ખરેખર એવું કાંઈ બની શકતું નથી. કોઈ આત્મા કોઈ આત્માને વળગી શકે છે કે પ્રવેશ કરી શકે છે (એવું બની શકતું નથી). કોઈના દેહમાં કે કોઈના આત્મામાં કોઈ બીજો આત્મા પ્રવેશ કરી શકે છે – એ વસ્તુના સ્વરૂપમાં નથી. પણ અનાદિનો દેહાત્મ બુદ્ધિવાળો જીવ ડરપોક છે, ભયાન્વીત છે. અંધારું ભાળે ત્યાં બીવે! પછી આભાસ થાય એમાં બીવે એમાં શું નવાઈ છે? પણ સરખાઈનું અંધારું હોય ને એકાંત હોય – એકલતા હોય, વસ્તી ન હોય તો પણ માણસ બીવે છે, તો પછી બીજા (પ્રસંગમાં ન) બીવાનો પ્રશ્ન ક્યાં રહે છે? પછી તો એને (બધી) કલ્પના થાય.

પ્રશ્ન :- સ્વરૂપ નિર્ણય માટેનો સૂક્ષ્મ અંતરજલ્પ– હું આવો છું, હું આવો છું, મારું ત્રિકાળી સ્વરૂપ આવું છે – એ વિકલ્પ પણ ડાકણ જેવો છે ?

સમાધાન :- તો એને વળગવું ? જો એ ડાકણ ન હોય તો એને વળગવું છે ? શું કરવું છે ? નિર્ણય કરવા માટે નહિ પણ નિર્ણય થઈ ગયા પછી અનુભવ થયા પહેલાં અંતરજલ્પ વર્તતો હોય, આ તો એની વાત છે. જીવને નિર્ણય પણ થઈ ગયો હોય ભલે અનુભવ ન થયો હોય પછી એને પોતાના શુદ્ધાત્મસ્વભાવનું અંતર ઘોલન ચાલતું હોય અને એમાં સૂક્ષ્મ અંતરજલ્પ હોય તો એને પણ છોડે છે ત્યારે શુદ્ધોપયોગમાં આવે છે ને? તો એને ક્યાં વળગવાનો સવાલ છે?

મૂળ તો રાગ ને જ્ઞાનના ભેદજ્ઞાનમાં જોવું છે શું? કે રાગ મલિન છે. વિષ્ટાનો થોડોક નાનો ભાગ છે, એટલે સારો છે, એમ છે? ઘણી વિષ્ટા તો ખરાબ છે, સંડાસનો ડબો તો ખરાબ છે પણ હવે થોડોક હોય તો વાંધો નહિ, ચડાવો માથે! એમ કોઈ ચડાવે? એને માથે ચડાવાય નહિ. એમ સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ હોય તો(પણ) એને માથે ચડાવવાનો પ્રશ્ન રહેતો નથી. જે મલિનતા છે એને ધોઈ નાખવાનો જ પ્રશ્ન છે. (એમાં) પ્રશ્ન ક્યાં છે બીજો? પણ એ ભાવનું મલિનપણું એને ભાસવું જોઈએ, એને જણાવું જોઈએ, નહિતર (એ) છોડે નહિ. નહિતર એને કોઈ ને કોઈ બહાને મોહ થાય – આ તો (સ્વરૂપ) નિર્ણયનો રાગ છે ને! આ તો નિર્ણય થયા પછી આત્મા સંબંધિત છે ને! આત્માની સાથે આ વિકલ્પ સંબંધ ધરાવે છે ને! આ ક્યાં બહારના પંચેન્દ્રિયના વિષય સાથે સંબંધ ધરાવે છે? કહે છે કે એ પંચેન્દ્રિયના વિષય સાથે સંબંધ ધરાવતો અશુભરાગ અને કોઈપણ જાતિનો રાગ – પછી ભલે શુદ્ધાત્માના વિકલ્પનો (રાગ હોય) પણ જાત તો રાગની છે કે બીજી કોઈ છે? એનું જે તત્ત્વ છે (એ તો બન્નેમાં સામાન્ય છે). એટલે તો તત્ત્વદૃષ્ટિએ એને આસ્રવ કહ્યું, તત્ત્વદૃષ્ટિએ એને બંધ કહ્યો. એનું તત્ત્વ શું છે? એનું તત્ત્વ તો એક જ છે, ત્યાં તત્ત્વ બે નથી. એમાં તત્ત્વ બે થતાં નથી, એક જ તત્ત્વ છે.

સરસ મજાના ઠંડા સુગંધિત પાણીથી ન્હાતા હોય એમાં (કોઈ) એમ કહે કે થોડીક વિષ્ટા તમને શું નડે છે?

ક્યાં ઝાઝી છે? ચમચી ભરીને નાખીએ છીએ. તમે આખા હોજથી નહાવો છો, હવે એમાં એક ચમચીનો શું વાંધો છે ? એક ચમચી એ પણ ભેગા ભેગી ! વિષ્ટા નહિ વિષ્ટાનું માત્ર પાણી જ લ્યો ! વિષ્ટા પણ નહિ, મંદ કરેલું (પાણી). વિષ્ટા તો વળી ઘનિષ્ટ છે આ તો પ્રવાહી કરી નાખ્યું હોય, બોલો! મંદ કરી નાખ્યું હોય પછી શું વાંધો છે ? મંદમાં પણ તમને શું વાંધો છે? પણ ભાઈ! એનો છાંટો ન લેવાય. ચમચી નહિ, એનો છાંટો (પણ) લેવાય નહિ.

એની (રાગની) જાત તો ઓળખવી જોશે કે નહિ? એ પ્રથમ (સ્વરૂપ) નિર્ણયમાં જાતિ ઓળખાય છે. નિર્ણય એને કહીએ કે જે સ્વભાવ જાતિ અને વિભાવ જાતિની જાતિ નક્કી કરે છે, ત્યારે એને નિર્ણય કહેવામાં આવે છે. એની જાત નક્કી કર્યા વિના નિર્ણય (થયો) છે એ વાત રહેતી નથી. એકવાર એની જાત નક્કી થઈ ગઈ પછી એ આનો (રાગ) છે ને ફલાણો છે ને મંદ છે ને... એનું કોઈ બહાનું (કે) એ વાત સાંભળવાની રહેતી નથી. કોઈ બહાને એ વાત સાંભળવાની રહેતી નથી. એટલે તો એકદમ જોરથી કહે છે કે ભાઈ! એ ચૂડેલ છે ને ડાકણ છે એ તને ખાઈ જશે.

એ વાર્તાઓ તો બધી એવી આવે કે ભાઈ! એક ચૂડેલ ને ડાકણ એવી હતી કે પરીનું રૂપ લઈને આવી. બહુ સ્વરૂપવાન સ્ત્રી થઈને આવી. (એટલે) એને મોહ થાય. પછી એને એ ભરખી ગઈ! આવી બધી વાર્તા આવે. એનો અર્થ શું છે? કે ડાકણ ને ચૂડેલ કોઈ (પણ) રૂપમાં હોય (પરંતુ) જો એની જાત ઓળખાઈ જાય તો વાત પૂરી થઈ ગઈ. પછી એની સુંદરતા ઉપર મોહ થતો નથી.

મુમુક્ષુ :- શુભરાગ ધર્મના અંચળા નીચે આવે છે ને!

પૂજ્ય ભાઈશ્રી :- હા, શુભરાગ છે એ ધર્મના આંચળા નીચે, અંચળા નીચે આવે છે.

મુમુક્ષુ :- આકરું પડે!

પૂજ્ય ભાઈશ્રી :- એવું સાંભળ્યું નથી એટલે આકરું પડે છે. બીજી રીતે સાંભળ્યું છે – આ કરવા જેવું છે, આ તમે કરો, આ ધર્મનું કારણ છે, ધર્મનો પાયો છે, આમ કરતાં તમને ધર્મ થશે, પરંપરાએ થશે, ફલાણું... ઢીકણું.... એમ અનેક રીતે એને એવું (ઊંધું) નાખ્યું છે, એટલે એને આકરું પડે છે. બાકી મીઠું અમૃત જેવું છે!! શુદ્ધાત્મામાં દોરી જનાર છે, એ આનંદ અમૃતનું પાન કરાવનાર છે. સહજ, સરળ અને સુગમ છે. એવું આકરું નથી કાંઈ.

(જેણે કોઈ દિવસ) લોહી ન જોયું હોય ને એ ઓપરેશન કેમ જોઈ શકે? થોડુંક લોહી નીકળે ત્યાં એને અરેરાટી થતી હોય. કાંટો વાગે ને લોહી નીકળે ને છરી વાગે ને લોહી નીકળે તો આમ ભાળી – (જોઈ) ન શકે. એ (ઓપરેશનમાં) સીધો આમ ધારદાર છરીથી ફુવારો ઊડે એવી રીતે કાપ મૂકે – એ કેમ જોઈ શકે? આ દાક્તર છે ને એને તો સહજ થઈ ગયું છે. એક સાયકોલોજી એની તૈયાર થઈ ગઈ – માનસ એનું એ રીતે ઘડાઈ ગયું. ફટ કરતો મૂકે ચેકો! ઓલો રાડ – બૂમ પાડે એ એને દેખાય જ નહિ ને સંભળાય જ નહિ! આ ગુમડાને ચેકો મારે છે, દબાવે છે, અડી ન શકાય એને એ ફટ કરતું ધારદાર ચપ્પુ મૂકે. આમ તરબૂચમાં મૂકને એવી રીતે મૂકે છે!

(અહીંયાં) કહે છે કે એ તો એક માનસિક તૈયારીનો સવાલ છે. સમજણમાં એક માનસિક તૈયારી થઈ ગઈ કે આ શુભરાગની ગમે તેટલી પ્રશંસા, વખાણ ને મહિમા સાંભળ્યાં છે, પણ 'સત્પુરુષ – પ્રમાણ પુરુષ' એમ કહે છે કે એને વળગવા જેવું નથી. એ તો ડાકણ ને ચૂડેલ જેવી જાત છે. એને વળગીશ તો ભરખાઈ જઈશ – ખવાઈ જઈશ. પછી એને કાંઈ લાગતું નથી કે આમ કેમ કહે છે ? આવું કઠણ કેમ કહે છે? એ વાત રહેતી નથી.

(હવે કહે છે) **'પાપરાગની તો શું વાત!'** એની તો વાત કરવાની રહેતી નથી, એ તો નિર્વિવાદ છે. **'...પણ શુભરાગ કે જેણે હજારો રાણી છોડીને રાજપાટ છોડીને પંચમહાવ્રતના શુભરાગમાં પ્રેમ કર્યો છે તે આનંદસ્વરૂપ આત્માને ઘાયલ કરે છે, મારી નાખે છે.'** ખૂન કરે છે. ઠીક ! જે રાગના – અશુભરાગના પ્રપંચમાં રચ્યો પચ્યો છે એને આત્માનું હિત થાય છે, એવું તો કોઈ નથી કહેતું. (તો પછી) ધર્માત્મા કહે એ તો વાત જ રહેતી નથી. પરંતુ શુભરાગ અને તે પણ કેવો શુભરાગ ? કે વૈરાગ્યમાં આવીને જે હજારો રાણી છોડે છે અને એ હજારો રાણીના વિયોગના કલ્પાંતની સામે જોતો નથી. એ (રાણીઓને) છોડે ત્યારે એને વૈરાગ્ય આવ્યો છે, એના પરિવારને કોઈ વૈરાગ્ય આવ્યો છે, એમ તો છે નહિ. નિર્દય નથી? એ દષ્ટિકોણ ત્યાં અપનાવી શકાય નહિ. જ્યારે નિર્દોષતામાં કોઈ આગળ વધવા ચાહે છે ત્યારે રાગથી દુઃખી થનાર પ્રત્યે કોઈ નિર્દયતા છે, એમ એના ઉપર આરોપ કરી શકાય નહિ. એવો (આ) વિષય છે અને એ તો દરેક વિષયમાં બનવાનું.

દારૂનો નિષેધ કરે તો કલાલનો ધંધો તો ભાંગે, ભાંગે ને ભાંગે જ. કલાલ એટલે દારૂ વેચનાર. અત્યારે આ wine shop (ચલાવે છે એ) બધાં સુધરેલા કલાલ છે. પણ એનો ધંધો ભાંગે (છે) ને એના રોટલાં ઉપર તમે પાટુ મારો છો, એમ કોઈ કહે (તો)? કહે છે કે ભાઈ! એ તો અનિવાર્ય છે. એમાં કોઈ બીજો રસ્તો છે નહિ. એ વસ્તુ અનિવાર્ય છે. એના પુણ્ય હશે તો બીજો કોઈ વ્યવસાય કરીને પેટ ભરશે પણ એને લઈને દારૂને કાંઈ અનુમોદન કરાય, એમ ન બની શકે.

એમ સત્-અસત્‌ના વિષયમાં પણ એવું જ છે. તમે સત્‌ની પ્રસિદ્ધિ કરવા જાવ ત્યારે એની અંદર અસત્‌નો નિષેધ થાય છે. કોઈ એમ કહે કે તમે બીજાં ઉપર દ્વેષ કરો છો. પણ દ્વેષ કરવાનો ત્યાં હેતુ નથી. હેતુ સત્‌નું સ્થાપન કરવાનો છે, સત્‌ને પ્રસિદ્ધ કરવાનો છે. ત્યાં અનિવાર્યપણે side effect કાંઈક ને કાંઈક એવી ઊભી થાય, એને એવો આરોપ આપી શકાય નહિ. (માટે) તમે અસત્‌નો દ્વેષ કરો છો – એ પ્રશ્ન રહેતો નથી.

(અહીં) કહે છે કે **'...શુભરાગ કે જેણે હજારો રાણી છોડીને રાજપાટ છોડીને પંચમહાવ્રતના શુભરાગમાં પ્રેમ કર્યો છે...'** બીજું શું છે કે આમ ત્યાગ કરનાર હોય છે, એમાં ત્યાગ કરનાર સમ્યગ્દૃષ્ટિ હોય છે એની તો એ ત્યાગ પહેલાંની જે સંગવાળી સ્થિતિ હોય છે, એના પરિવાર આદિની સાથે પણ એટલી સજ્જનતાવાળી હોય છે કે એક તો મમત્વવાળો જીવ હોય ને એમાં એને સજ્જનતા મળી એટલે એણે તો મમતા વધારી મૂકી હોય. એ મમતાના તીવ્રરાગમાં જ્યારે એને એમ થાય કે અરે...! આ છોડે છે ! ત્યારે એને મૃત્યુ જેવું દુઃખ થાય છે. કેવું દુઃખ થાય એને ? મૃત્યુમાં જેમ સ્વજનનાં વિયોગનું દુઃખ થાય એવું સ્વજનનું દુઃખ એને થાય છે. પણ એમાં બીજો કોઈ (ઉપાય નથી). જ્યાં પરિણામ ફરી જાય છે ને રાગથી રહિત પરિણામ થાય ત્યાં પછી એને રાગનો રંગ ચડાવી શકાતો નથી. આ પરિસ્થિતિ કુદરતી ઊભી થાય છે.

કહે છે કે એવો શુભરાગ છે (એટલે કે) પર પદાર્થના સંગમાંથી દૂર થવાનો ને અસંગપણે રહેવાનો જે શુભ રાગ છે અને બીજાં જીવોની (એટલે કે) કોઈને પણ – એકેન્દ્રિય પર્યંતના જીવોને દુઃખી ન કરવાં માટે એની હિંસા ન થાય, એને દુઃખ ન થાય, તેથી મન-વચન-કાયાને સંયમિતપણે પ્રવર્તાવવા અર્થે પંચમહાવ્રત, ૨૮ મૂળગુણના શુભરાગમાં આવે છે. એ શુભરાગનો પણ પ્રેમ કરવા જેવો નથી, એમ કહેવું છે. એવા શુભ રાગનો પણ પ્રેમ કરવા જેવો નથી. જોકે આ શુભરાગ કરતાંય તે શુદ્ધાત્માના – અભેદ આત્માનો જે સૂક્ષ્મ વિકલ્પ છે તેની કક્ષા ઊંચી છે. એની મંદતા ઘણી છે. આ તો

મિથ્યાદૃષ્ટિને પણ થાય છે. એની જાત (પંચમહાવ્રતાદિના વિકલ્પની જાત) કરતાં ઓલાની (અભેદ આત્માના વિકલ્પની) જાત ઘણી ઊંચી છે. પણ લોકો એ ન સમજી શકે એટલે આ ચીજને સમજી શકે (માટે) સમર્થ દૃષ્ટાંત તરીકે બતાવવામાં આવે છે.

કહે છે કે એવો શુભરાગનો પ્રેમ (એટલે કે) એવો જે રાગનો રાગ તે પણ આનંદસ્વરૂપને મારે છે, આનંદને ઉત્પન્ન થવા દેતો નથી. રાગ ગમે તેવો હોય (પણ) રાગનો રાગ કરવા જેવો નથી. સમ્યગ્દૃષ્ટિને રાગ થાય છે. પણ એને રાગનો રાગ નથી કે આ રાગ ઠીક છે– એવો એને રાગ હોતો નથી. એ રાગ પણ છોડવા જેવો છે – એમ એને એનું જ્ઞાન વર્તે છે. તેથી એને જ્ઞાનમય પરિણમન છે, એમ કહેવામાં આવે છે.

જેને રાગનો રાગ છે તેને અનંતાનુબંધીનો રાગ છે. કેમકે પછી એનો રાગ.... પછી એનો રાગ, એનો રાગ.... રાગનો રાગ... રાગનો રાગ... એને અનંતાનુબંધીનો રાગ કહેવામાં આવે છે. એ મિથ્યાદર્શન સહિત હોય છે.

(હવે કહે છે) **'વીતરાગભાવ ધર્મ છે તેને રાગભાવથી ધર્મ મનાવે તે વીતરાગના વેરી છે. પાપી મિથ્યાદૃષ્ટિ છે.'** વીતરાગના માર્ગમાં **'વીતરાગના વેરી છે'** એમ કહેવામાં આવે છે. 'માર્ગના લૂંટારા છે.' ગુરુદેવ તો એમ કહેતાં ! બહુ કડક ભાષા વાપરતાં – માર્ગના એ લૂંટારા છે. જેમ માર્ગમાં કોઈ અંતરીયાળ લૂંટે એમ આ માર્ગને લૂંટે છે.

અન્યમતમાં તો શુભરાગને ઉપાદેય માનીને ઘણી વાતો કરવામાં આવે છે. પણ વર્તમાન કહેવાતા સંપ્રદાય બુદ્ધિવાળા જીવોમાં – જૈન સંપ્રદાય બુદ્ધિવાળા જીવોમાં એ તત્ત્વ દાખલ થઈ જાય છે. એમાં ગુરુદેવને સાંભળેલા પણ કેટલાંક આપણા વિદ્વાનોમાં પણ આ તત્ત્વ દાખલ થઈ ગયું છે!! એમને એમ રાગને આમ ન કરાય, એ તો પરંપરાએ મોક્ષનું કારણ છે, રાગ વગર નહિ ચાલે, શુભ તો કરવું જ પડશે. એવી પરિસ્થિતિની થોડી થોડી શરૂઆત થઈ છે.

જુઓ ! કેટલો ગુરુદેવે તો કડક વિષય લીધો છે! 'ચૂડેલ છે, ડાકણ છે!!' ખરેખર તો વીતરાગભાવ ધર્મ છે, તેને કોઈ રાગભાવથી ધર્મ મનાવે, એને સાધન કહીને ધર્મ મનાવે, એને પરંપરાનું સ્થાન આપીને ધર્મ મનાવે તે વીતરાગના વેરી છે, અરિહંતના વેરી છે, મુનિઓના – આચાર્યોના વેરી છે, અને અનંત જ્ઞાનીઓના એ વેરી છે, એમ કીધું છે! તે મહા પાપી મિથ્યાદૃષ્ટિ છે. ભલે પછી બીજો યમ-નિયમ-સંયમ પાળતાં હોય અને નાના પાપ પણ ન કરતાં હોય તોપણ એ મોટું પાપ કરે છે ! આમ કહે છે. મહા પાપી છે, મિથ્યાદૃષ્ટિ છે આખા માર્ગને ઊખેડવાની પ્રવૃત્તિ કરે છે!!

*


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (માર્ચ-૨૦૨૪, ગુજરાતી તથા હિન્દી)ના અંકની સમર્પણ રાશિ
સ્વ. છોટાલાલ દેસાઈ તથા સ્વ. લલિતાબેન દેસાઈ,
હસ્તે શ્રીમતી જ્યોતિબેન ઉદાણી, અમેરિકા તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

**(પાના નં ૧૮ થી આગળ... )**

ખરેખર તો વાત 'આટલી જ' છે, આ બાજુ (અંતરમાં) જામી જવું જોઈએ. ત્રિકાળી અસ્તિત્વમાં પ્રસરી જવું જોઈએ. (અસ્તિત્વમાં પ્રસરી જવું અર્થાત્ પરિણામ અંતર્મુખ સ્વસન્મુખ થઈને પોતાના પૂરા ક્ષેત્રમાં વ્યાપ્યવ્યાપકભાવથી સ્વયંના સ્વભાવરૂપ અનુભવ કરવો.) (૫૨૯)

*

પહેલાં પોતાની (નિશ્ચય) પ્રભાવના કરીને... પોતાનું સુખ પીવામાં મગ્ન રહો... પછી જેવો-જેવો યોગ હોય છે તેવો-તેવો વિકલ્પ આવે છે. (૫૫૮)

*

(મૂલતઃ) 'વર્તમાનમાં જ પૂર્ણ છું,' (પર્યાયમાં પણ) પ્રયોજન સુખનું છે, જ્ઞાનનું નથી. (૫૯૨)

*

પ્રશ્ન : જીવનું કર્તવ્ય શું ?

ઉત્તર : પર્યાયમાં કર્તવ્ય છે. પરમાર્થથી કોઈ કર્તવ્ય નથી. પ્રમાણજ્ઞાનનું પ્રયોજન તો 'નિશ્ચય'ને પ્રકાશવાનું છે. (જીવને કર્તવ્યની મુખ્યતાના નામપર પણ કર્તાબુદ્ધિ દૃઢ થઈ જવાની સંભાવના રહે છે. વસ્તુતઃ બધા પ્રકારના દોષોથી છૂટવા / બચવા તથા સર્વ શ્રેયનું મૂલ નિશ્ચયપરમાર્થસ્વરૂપનું 'જ્ઞાન' છે અતઃ મૂળ પ્રયોજનભૂત વિષય 'મૂળસ્વરૂપ' જ છે; જેથી શ્રદ્ધા-જ્ઞાનથી પર્યાયવિષયક ઉત્તર પ્રયોજનની સિદ્ધિ સ્વયં થઈ જાય છે.) (૫૯૫)

*

---

**(પાના નં ૦૨થી આગળ... )**


આમાં કોઈએ બીવા જેવું નથી. કે અમારા ઘરવાળા આમ થઈ જશે તો એ બીવા જેવું નથી. જેનું હોનહાર સારું હોય, મહાભાગ્યશાળી હોય એને આ રસ્તો મળે એવું છે. ગમે તેને મળે એવું નથી અને બહુ અલ્પજીવોને મળે છે, બધાને નથી મળતું આ.

એટલે તીવ્રકષાયરસવાળા પરિણામ આત્માર્થીને ન હોય એ આત્માર્થીની ભૂમિકાની મર્યાદા છે. એ આત્માર્થીની ભૂમિકાની મર્યાદા છે. તીવ્રરસવાળા ન હોય. સંસારના કાર્યો અને સંસારના પરિણામો હોય પણ તીવ્રરસવાળા ન હોય. ચીકણા ન હોય. ચિકાશ મૂકી દેવી જોઈએ. અને ચિકાશ શું કરવા? ક્યુ મોટું નુકસાન ગયું છે કે તું એ વાત મૂકી શકતો નથી? એમ કહે છે. અનંતવાર બધું થઈ ચૂક્યું. હીણામાં હીણા સંયોગ અને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સંયોગ અનંતવાર થઈ ચુક્યા. અત્યારે તો બધું સાધારણ વાત છે. આવે છે ને જાય છે એ બધું સાધારણ વાત છે. એમાં આખા આત્માને ડુબાડી દેવા જેવો નથી. એની કિંમત ઉડાડી દેવી. જો એની કિંમત નહિ ઉડાડવામાં આવે તો તું ડુબી જઈશ. કાં ઉડાડ અને કાં ડુબાડ. બેમાંથી એક કર. અને આત્માને ડુબાડવા જેવો નથી.

**(પ્રવચનાંશ... સ્વાનુભૂતિદર્શન પ્રવચન નં-૩૯૩)**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

## મંગલવાણી-સીડી-૧૪-A



પોતે જ પરિણમનારો, પોતે જ વિભાવદશાએ પોતે જ પરિણમે, સ્વભાવ રીતે પોતે પરિણમે. પોતે પોતાના આશ્રયે પરિણમે છે. દ્રવ્ય પરને આશ્રયે કોઈ પરિણમતું નથી. પર્યાય કાંઈ છૂટી પરિણમતી નથી દ્રવ્યના આશ્રય વગરની. પોતાના આશ્રયે-દ્રવ્યના આશ્રયે પર્યાય પરિણમે છે. અને કાંઈ દ્રવ્ય કૂટસ્થ નથી કે પરિણમતું નથી. દ્રવ્ય પોતે પરિણમે છે પર્યાયરૂપે. દ્રવ્ય એવું કૂટસ્થ નથી કે એમાં પરિણામિકભાવ જ નથી. તો આ બંધ અને મોક્ષ અને એ બધું કાંઈ હોય જ નહિ જો દ્રવ્ય પરિણમતું ન હોય તો. તો આ સંસાર શેનો? આ મોક્ષની પર્યાય પ્રગટ કરવી, આ સાધના કરવી. આ ઉપદેશ ગુરુ આપે, એનો વિચાર કરીને પોતે નિર્ણય કરવો એ બધું જો દ્રવ્ય કાંઈ પરિણમતું જ ન હોય તો એ બધું કોને માટે છે? એ તો બધું બહાર થાય છે. પોતામાં તો કાંઈ થાતું નથી. માટે દ્રવ્ય એ પોતે વિભાવરૂપે પરિણમે, સ્વભાવરૂપે પોતે પરિણમે. પોતે જ પરિણમે છે. બીજું કોઈ પરિણમતું નથી. દ્રવ્ય પોતે જ પર્યાયને પહોંચી જાય છે અને પર્યાય દ્રવ્યના આશ્રયે જ પરિણમે છે. બધા જુદા કટકા નથી.

પ્રશ્ન :- કોઈ ઠેકાણે એમ આવે છે કે પર્યાય વિભાવ ઉપર ઉપર તરે છે...

ઉત્તર :- વિભાવ અંદર પ્રવેશ નથી કરતો. વિભાવ એનો સ્વભાવ નથી. વિભાવ છે એ ચૈતન્યમાં અંદરમાં કાંઈ રાગ અને દ્વેષ એનો મૂળ સ્વભાવ નથી માટે ઉપર તરે છે. પર્યાય પોતાના પુરુષાર્થની મંદતાએ પર્યાય થાય છે. પણ અંદર એનો મૂળ સ્વભાવ નથી. જેમ સ્ફટિકનો સ્વભાવ નિર્મળ જેમ ... સ્વરૂપે સ્ફટિક નિર્મળ છે. પણ એને નિમિત્તને કારણે લાલ, પીળાને કારણે સ્ફટિક પીળું કે લાલ દેખાય તો એ બધું ઉપર ઉપર છે. એના અંતરમાં નથી. એમ આત્મામાં રાગ-દ્વેષરૂપે પરિણમે પોતે પણ એમાં નિમિત્ત, કર્મનું નિમિત્ત છે. પોતાના પુરુષાર્થની મંદતાએ પરિણમે પોતે. પણ એના મૂળની અંદર, એના મૂળસ્વભાવની અંદર એ લાલ કે પીળો કે રાગ કે દ્વેષ કે એવા સ્વભાવરૂપે પોતે પરિણમતો નથી માટે ઉપર ઉપર છે. સ્ફટિકમાં જેમ ઉપર ઉપર પરિણમે છે. પણ એ ઉપર ઉપર છે. એ પોતામાં અંદરમાં જેમ એની સફેદાઈ જેવી તદ્‌ગત છે એવું આ લાલ, પીળું તદ્‌ગત અંતરમાં નથી. એમ..

પ્રશ્ન :- મૂળ સ્વભાવમાં નથી.

ઉત્તર :- મૂળ સ્વભાવમાં નથી. એમ આત્મા મૂળ સ્વભાવે જ્ઞાયક છે. એમાં રાગ-દ્વેષ અને બધું ઉપર-ઉપર છે. પર્યાય પોતાની થાય પણ સ્વભાવ એનો નથી. ઉપર ઉપર તરે છે.

પ્રશ્ન :- દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયરૂપે પરિણમે છે અને બીજા રૂપે નથી પરિણમતા એમાં બે દ્રવ્યની સ્વતંત્રતા આવી અને એથી મોહ, પરદ્રવ્ય પ્રત્યેનો મોહ એટલે કે એકતાબુદ્ધિ એ તો રહેવાનો પ્રશ્ન

નથી.

ઉત્તર :- એ છૂટી જાય છે.

પ્રશ્ન :- પણ પર્યાયમાં જે રાગ ઉત્પન્ન થાય છે અને એક સમયની જે પર્યાય, એમાં જે એકત્વપણું એ જાણવાથી કઈ રીતે થાય?

ઉત્તર :- એ પર્યાયમાં જે રાગાદિ થાય છે એ સમજે કે આ મારો સ્વભાવ નથી. આ તો પુરુષાર્થની મંદતાએ આ નિમિત્ત છે કર્મનું. આ મારો મૂળસ્વભાવ નથી. શુદ્ધ સ્વભાવને ઓળખે, તત્ત્વનું મૂળસ્વરૂપ ઓળખે, એનું મૂળ તત્ત્વનું સ્વરૂપ શું છે? દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે પણ આ તો વિભાવ પર્યાય મૂળસ્વરૂપ શું છે આ તત્ત્વનું. તત્ત્વના મૂળને ઓળખે તો એ રાગ-દ્વેષની એકત્વબુદ્ધિ તૂટી જાય. કે આ મારો મૂળસ્વભાવ નથી. આ સ્વભાવ તો આકુળતા અને દુઃખરૂપ છે. આ સ્વભાવ મારો નથી. જે સ્વભાવ હોય એ પોતાનો એ પોતાને ને પોતાને આકુળતા અને દુઃખરૂપ થાય. આ સ્વભાવ મારો નથી. એમ વિચાર કરે તો છૂટી જાય છે. મૂળતત્ત્વને ઓળખે તો એ પણ છૂટી જાય છે.

પ્રશ્ન :- પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં મૂળ સ્વભાવને ઓળખે, ધ્રુવસ્વભાવને. તો પર્યાયની એક્તા પણ છૂટી જાય?


ઉત્તર :- પર્યાયની એક્તા છૂટી જાય છે, એકત્વબુદ્ધિ તૂટી જાય છે. પછી પુરુષાર્થની મંદતાએ ઊભું રહે એ જુદી વાત છે બાકી એને તૂટી જાય છે કે આ મારો સ્વભાવ નથી.

*

**સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સમાધિદિનના (ચૈત્ર સુદ ૫) ઉપલક્ષમાં**
**ત્રિદિવસીય ધાર્મિક કાર્યક્રમ**

૧) ચૈત્ર સુદ ત્રીજ, ગુરુવાર (તા.૧૧-૪-૨૦૨૪)થી પાંચમ, શનિવાર (તા.૧૩-૪-૨૦૨૪)
સવારે : ૭.૦૦ થી ૮.૦૦ પૂ.ભાઈશ્રીનું ઑડિયો પ્રવચન
સ્થળ : '**જ્ઞાનમાત્ર**' સમાધિ મંદિર, ભાવનગર
૧૦.૦૦ થી ૧૧.૩૦ મંડલ વિધાન પૂજા
સ્થળ : દિગંબર જૈન મંદિર, જુની માણેકવાડી, ભાવનગર
બપોરે : ૪.૩૦ થી ૫.૩૦ પૂ.ભાઈશ્રી ગુણાનુવાદ
સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર
રાત્રિ : ૮.૦૦ થી ૯.૦૦ પૂ.ભાઈશ્રી વિડીયો પ્રવચન
સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

૨) ચૈત્ર સુદ પાંચમ, સમાધિ દિવસે પ્રાતઃકાળે ૪.૦૦ થી ૪.૩૦ વૈરાગ્ય ભક્તિ તથા શ્રદ્ધાંજલી
સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

પત્રાંક - ૩૬૯

મુંબઈ, વૈશાખ વદ ૯, શુક્ર, ૧૯૪૮

બધુંય હરિને આધીન છે.
પત્રપ્રસાદી પ્રાપ્ત થઈ છે.
અત્ર સમાધિ છે.
વિગતથી પત્ર હવે પછી,
નિરુપાયતાને લીધે લખી શકાતો નથી.

*

પત્રાંક - ૩૭૦

મુંબઈ, વૈશાખ વદ ૧૧, રવિ, ૧૯૪૮

હૃદયરૂપ શ્રી સુભાગ્ય પ્રત્યે,

અવિચ્છિન્નપણે જેને વિષે આત્મધ્યાન વર્તે છે એવા જે શ્રી...ના પ્રણામ પહોંચે.

જેને વિષે ઘણા પ્રકારની પ્રવૃત્તિ વર્તે છે, એવા જોગને વિષે હાલ તો રહીએ છીએ. આત્મસ્થિતિ તેને વિષે ઉત્કૃષ્ટપણે વર્તતી જોઈ શ્રી...ના ચિત્તને પોતે પોતાથી નમસ્કાર કરીએ છીએ.

ઘણા પ્રકારે કરી સમાગમની અને બાહ્ય પ્રવૃત્તિના જોગત્યાગની જેની ચિત્તવૃત્તિ કોઈ પ્રકારે પણ વર્તે છે એવા જે અમે તે અત્યારે તો આટલું લખી અટકીએ છીએ.

*

પત્રાંક - ૩૭૧

મુંબઈ, વૈશાખ વદ ૧૩, ભોમ, ૧૯૪૮

શ્રી કલોલવાસી જિજ્ઞાસુ શ્રી કુંવરજી પ્રત્યે,

નિરંતર જેને અભેદધ્યાન વર્તે છે, એવા શ્રી બોધપુરુષના યથાયોગ્ય વાંચશો.

અત્ર ભાવ પ્રત્યે તો સમાધિ વર્તે છે; અને બાહ્ય પ્રત્યે ઉપાધિજોગ વર્તે છે; તમારાં આવેલાં ત્રણ પત્રો પ્રાપ્ત થયાં છે, અને તે કારણથી પ્રત્યુત્તર લખ્યો નથી.

આ કાળનું વિષમપણું એવું છે કે જેને વિષે ઘણા વખત સુધી સત્સંગનું સેવન થયું હોય તો જીવને વિષેથી લોકભાવના ઓછી થાય; અથવા લય પામે. લોકભાવનાના આવરણને લીધે પરમાર્થભાવના પ્રત્યે જીવને ઉલ્લાસપરિણતિ થાય નહીં, અને ત્યાં સુધી લોકસહવાસ તે ભવરૂપ હોય છે.

સત્સંગનું સેવન જે નિરંતરપણે ઇચ્છે છે, એવા મુમુક્ષુ જીવને જ્યાં સુધી તે જોગનો વિરહ રહે ત્યાં સુધી દ્રઢભાવે તે ભાવના ઇચ્છી પ્રત્યેક કાર્ય કરતાં વિચારથી વર્તી, પોતાને વિષે લઘુપણું માન્ય કરી, પોતાના જોવામાં

આવે તે દોષ પ્રત્યે નિવૃત્તિ ઈચ્છી, સરળપણે વર્ત્યા કરવું; અને જે કાર્યે કરી તે ભાવનાની ઉન્નતિ થાય એવી જ્ઞાનવાર્તા કે જ્ઞાનલેખ કે ગ્રંથનું કંઈ કંઈ વિચારવું રાખવું, તે યોગ્ય છે.

ઉપર જણાવી છે જે વાર્તા, તેને વિષે બાધ કરનારા એવા ઘણા પ્રસંગ તમ જીવોને વર્તે છે, એમ જાણીએ છીએ; તથાપિ તે તે બાધ કરનારા પ્રસંગ પ્રત્યે જેમ બને તેમ સદ્‌ઉપયોગે વિચારી વર્તવાનું ઈચ્છવું, તે અનુક્રમે બને એવું છે. કોઈ પ્રકારે મનને વિષે સંતાપ પામવા યોગ્ય નથી, પુરુષાર્થ જે કંઈ થાય તે કરવાની દૃઢ ઈચ્છા રાખવી યોગ્ય છે; અને પરમ એવું જે બોધસ્વરૂપ છે તેનું જેને ઓળખાણ છે, એવા પુરુષે તો નિરંતર તેમ વર્ત્યાના પુરુષાર્થને વિષે મુઝાવું યોગ્ય નથી.

અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી. તે પ્રાપ્તપણાને વિષે અમુક કાળ વ્યતીત થાય તો હાનિ નથી. માત્ર અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તેને વિષે ભ્રાંતિ થાય, ભૂલ થાય તે હાનિ છે. જો પરમ એવું જ્ઞાનીનું સ્વરૂપ ભાસ્યમાન થયું છે, તો પછી તેના માર્ગને વિષે અનુક્રમે જીવનું પ્રવેશપણું થાય એ સરળ પ્રકારે સમજાય એવી વાર્તા છે.

રૂડે પ્રકારે મન વર્તે એમ વર્તો. વિયોગ છે, તો તેમાં કલ્યાણનો પણ વિયોગ છે, એ વાર્તા સત્ય છે, તથાપિ જો જ્ઞાનીના વિયોગમાં પણ તેને જ વિષે ચિત્ત વર્તે છે, તો કલ્યાણ છે. ધીરજનો ત્યાગ કરવાને યોગ્ય નથી.

શ્રી સ્વરૂપના યથાયોગ્ય.

*



**'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી) ના સ્વામિત્વનું વિવરણ ફોર્મ નં.૪, નિયમ નં. ૮**

| | | |
|---|---|---|
| પત્રનું નામ | : | 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી). |
| પ્રકાશન સ્થળ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧. |
| પ્રકાશન અવધિ | : | માસિક |
| મુદ્રક | : | અજય ઓફસેટ, ૧૫/સી બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪. |
| પ્રકાશકનું નામ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સંપાદકનું નામ | : | શ્રી રાજેન્દ્ર જૈન, (ભારતીય), ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સ્વામિત્વ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |

હું, રાજેન્દ્ર જૈન, એતદ દ્વારા ઘોષણા કરું છું કે મારી અધિકૃત જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપરોકત વિવરણ સત્ય છે.

તા. ૩૧-૩-૨૦૨૪ રાજૈન્દ્ર જૈન

મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ.



## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માંથી ‘પ્રયોજન (પર્યાય અપેક્ષાએ કર્તવ્ય)’ સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

જ્ઞાનનો વિષય દષ્ટિના વિષયને સાધવા પુરતો લક્ષમાં લેવો ઠીક છે, બાકી તેનું (તેનાથી વધારે) પ્રયોજન નથી. (પ્રયોજનભૂત વિના ‘સ્વરૂપ’ જાણવામાં આવતું હોવા છતાં બધા જ્ઞેયોમાં જ્ઞાનને પોતાનું પ્રયોજન ભાસ્યમાન થતું નથી.) (૧૪)

*

પોતાના સુખધામમાં સદાય જામી રહેવું, બસ આ જ એક વાત બાર અંગનો સાર છે. (૧૯૨)

*

ખરેખર આત્મા કેવી રીતે પ્રાપ્ત થાય - તે જ એક ધ્યેય હોવું જોઈએ. બીજી બીજી વાતોથી શું પ્રયોજન? (૨૭૩)

*

બહારથી તો આપણે કાંઈ પ્રયોજન છે જ નહિ. તેથી બાહ્ય પદાર્થોથી તો સહજ જ ઉદાસીનપણું રહે જ. (૨૮૩)

*

નિત્ય પડખું અને અનિત્ય પડખું તે બન્ને પડખાં એક વસ્તુનાં છે; હવે પ્રયોજન-સિદ્ધ કરવાનો મતલબ છે, તો આ પ્રયોજન નિત્ય પડખાને મુખ્ય કરવાથી અને અનિત્ય પડખાને ગૌણ કરવાથી સિદ્ધ થાય છે. (૩૦૯)

*

સ્વદ્રવ્યમાં જામી જવું એક જ કર્તવ્ય છે, તે પણ પરિણામની અપેક્ષાથી. ‘મારી’ અપેક્ષાએ, ‘હું’ તો કૃતકૃત્ય જ છું કાંઈ કર્તવ્ય નથી. ‘હું’ તો અનંતવીર્યની ખાણ છું. (એમાં મારા એવા સ્વરૂપમાં ‘કાંઈ પણ કરવું’ એ ભ્રાંતિ છે. (૩૧૮)

*

બધા શાસ્ત્રોમાં મૂળ તો અનુભૂતિ પર જ આવવાનું છે. (૩૪૦)

*

મૂળ વાતમાં અપેક્ષા લગાવે છે તો મને તો ખટકે છે. (કેમકે) તેમાં જે તીખાશ હોય છે તે તૂટી જાય છે. અપેક્ષા લગાવાથી ઢીલાપણું આવી જાય છે. (મૂળ વાત પર જોર દેતી વખતે કોઈ અપેક્ષા લગાવીને બીજી અપેક્ષાથી આમ પણ છે - એવું કહેવાથી મૂળ વાત ગૌણ થઈ જવાથી પ્રયોજન સિદ્ધ થતું નથી, એટલે ખટકે છે.) (વસ્તુ અનંત સામર્થ્યવંત છે. અતઃ એના પ્રતિ જોર (ભીંસ/ દૃબાણ) આવે છે. પરંતુ તે બીજી અપેક્ષા ખોલીને તેના જોરને ઢીલું કરવું, તે અપેક્ષા સંબંધિત વિપર્યાસ છે જે ખટકે છે.) (૩૫૧)

**(અનુસંધાન પાના નં ૧૩ પર... )**

# ભાવનાની તાકાત!!

-પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



યથાર્થ મુમુક્ષુતા તે મોક્ષમાર્ગનું પ્રવેશ થવાની પૂર્વભૂમિકા છે. અથવા મોક્ષમાર્ગમાં પ્રવેશ થવાની કારણભૂત એવી પૂર્વભૂમિકા છે. એટલે યથાર્થ મુમુક્ષુતા હોવી જોઈએ. એ યથાર્થ મુમુક્ષુની ભૂમિકા ક્યારે આવે? એ અહીંથી નીકળે છે કે જેને આત્મકલ્યાણની રુચિ હોય, આત્મકલ્યાણની આવશ્યકતા લાગી હોય અને જેને આત્મકલ્યાણની ભાવના હોય એ ભાવનામાંથી બધું ઊભું થાય છે. પરિભ્રમણની વેદના પણ આત્મકલ્યાણની ભાવનામાંથી ઉત્પન્ન થાય છે. અને જેને ભાવના છે એને પોતાના આત્માનું અહિત કરનારા કેટલાક પ્રકારના પરિણામો તો ઉત્પન્ન જ થતા નથી. કેમકે એ જીવ ભાવનામાં રહ્યા કરે છે એટલે બીજા ઉદય આવે છે એમાં એનું ચિત્ત ક્યાંય ચોંટતું નથી. ઉદાસીનતા સહજ રહે છે. જેને ભાવના અને ઉદાસીનતા નથી એ ઉદય આવે અને એમાં પરોવાય જાય છે, ઉદય આવે અને એમાં ચોંટી જાય છે, ઘૂસી જાય છે અને પરિણામ બગડી જાય.

એટલે ભાવના છે એ ઉદયમાં નહિ જવા માટેનો આડો આવતો પ્રતિબંધકભાવ છે અથવા ઉદયમાં જતા રોકનારા પરિણામ છે. અને એ ભાવને કોઈપણ જીવ કરી શકે છે. સાવ નવો હોય તોપણ કરી શકે છે. એના માટે કોઈ પૂર્વશરત નથી. કોઈ પૂર્વશરત નથી. એવી સુગમતા અને એવી સુવિધા આ જૈનમાર્ગને વિષે છે. ભાવના છે એ બધા જ આત્માના ઉન્નતિક્રમના પરિણામોનો પાયો છે. આત્માની ઉન્નતિ થાય એના પાયામાં આત્મકલ્યાણની ભાવના રહેલી છે. અને એ પાયો જેટલો મજબુત એટલું આગળનું કામ સહેલું અને શીઘ્ર થાય. અને એ પાયો નાખવા માટે કોઈ પૂર્વશરત નહિ! unconditional કોઈપણ જીવ એ ભાવનામાં આવી શકે છે.

ઘણાં પાપ પૂરા પાપ કરીને સાતમી નારકીએ ગયો હોય તો ત્યાં પણ આ ભાવના જાગે એટલે પરિણામ ફરી જાય. એટલે એના માટે કોઈ શરત જ નથી કે તારે પહેલાં આટલા પુણ્ય કરવા પડશે, આટલા દાન કરવા પડશે. આટલા પુણ્ય-દાન કર્યા હશે તો તને ભાવના થશે. એ રીતે મૂંઝાવાની જરૂર નથી કોઈને. સાવ ખુલ્લું મેદાન છે. ગમે તેવો જીવ, ગમે તેવો પૂર્વ પરિણામવાળો જીવ ગુલાંટ ખાઈને એકદમ જો સ્વરૂપ પ્રાપ્તિની ભાવનામાં આવે તો આખી લાઈન ફરી જાય. પરિણામોનો પ્રવાહ અને પરિણામનો પ્રકાર આખો બદલાઈ જાય છે. એવો ભાવનાનો વિષય બહુ બળવાન છે અને બહુ સારો છે.

**(પ્રવચનાંશ... સ્વાનુભૂતિદર્શન પ્રવચન નં-૩૯૪)**

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO ; 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

Printed Edition : **1355**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001